## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આવો પધારો, જમો પરંતુ બીજા મહેમાનોને શાંતિથી જમવા દેજો... એમને પુછશો નહી કે કોંગ્રેસ કેમ કરતા આવી ગઈ...

# ગાંજાના મોટા જથ્થા સાથે દહેગામનું દંપતિ ઝડપાયું

## સુરતમાંથી ગાંજાનો જથ્થો લઈને ગાડીમાં આવેલા આ દંપતીને એસ.ઓ.જી અને દહેગામ પોલીસની ટીમે નહેરૂ ચોકડીથી દબોચી લીધુ : સવા છ કિલો ગાંજા સહિત કુલ રૂ.૬.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત : તપાસ એલસીબીને સોંપાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એસઓજીની ટીમને ગઈ કાલે ચોક્કસ બાતમી મળી હતી કે દહેગામનું એક દંપતી ગાડીમાં સુરતથી ગાંજાનો મોટો જથ્થો લઈને પરત આવી રહ્યું છે. આ બાતમીના આધારે દહેગામ પોલીસને સાથે રાખીને એસઓજીની ટીમે નહેરૂ ચોકડીએ વોચ ગોઠવી સવા છ કિલોથી વધુ વજનના ગાંજાના જથ્થા સાથે દંપતીને દબોચી લીધું હતું. સુરતના કોઈ છોટું નામના ગાંજાના મોટા વેપારી પાસેથી આ જથ્થો લઈને આવેલા દંપતીની ધરપકડ કરી પોલીસે તેમની પાસેથી ગાંજા ઉપરાંત ગાડી અને બે મોબાઈલ મળી કુલ રૂ.૬.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંજો ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો અને ક્યાંથી લવાયો હતો તે સહિતનું આખું નેટવર્ક બહાર લાવવા માટે સમગ્ર ઘટનાની તપાસ ગાંધીનગર એલસીબીને સોંપવામાં આવી છે.

ગાંધીનગર એસઓજીના ઈન્ચાર્જ પીઆઈ જે. આર. કરોતરાની સૂચનાથી તેમની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પીએસઆઈ વી. કે. રાઠોડને બાતમી મળી હતી કે, દહેગામમાં રહેતું દંપતિ કમલેશ શાંતીલાલ ચાવડા તથા તેની પત્ની અવાર-નવાર સુરતથી ગાંજો લાવી વેચાણ કરે છે. આ દંપતિ સફેદ કલરની આઈ-૧૦ કાર નં.જીજે ૧૮ બીજી ૯૦૦૧ માં સુરતથી ગાંજો લાવીને સાંજના સમયે દહેગામ નહેરૂ ચોકડી તરફ આવવાના છે. આ બાતમીને આધારે દંપતિને પકડી પાડવા દહેગામ પોલીસ મથકના પીઆઈ જતીન પ્રજાપતિ અને તેમની ટીમને સાથે રાખીને નહેરૂ ચોકડી પાસે નાકાબંધી કરી હતી. બાતમીવાળી કાર આવતા તેને રોકીને ચેક કરતાં ડ્રાઈવીંગ સીટની બાજુ બેઠેલી મહિલાના પગ પાસેથી ગેરકાયદેસર ગાંજાનો ૬ કિલો ૩૨૯ ગ્રામનો જથ્થો મળી આવ્યો હતો. રૂ.૨,૫૩,૧૬૦ કિંમતનો ગાંજો, ૨૦ હજાર રૂપિયા રોકડા, ૪ લાખની કિંમતની કાર અને ૫૫૦૦ની કિંમતના બે મોબાઈલ મળી કુલ રૂ. ૬, ૭૮,૬૬૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે કમલેશ ચાવડા અને તેની પત્ની સામે દહેગામ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ કલમ ૮ (સી), ૨૦ (બી), ૨૯ મુજબ ગુનો નોંધી બંનેની ધરપકડ કરી લીધી છે. આ કેસની તપાસ ગાંધીનગર એલસીબીને સોંપી દેવામા આવી છે.






### આ દંપતિના ગાંજાના ગ્રાહકો આસપાસના સાધુ-બાવાઓ હતા

દહેગામના ખારાકુવાના ખાંચા વિસ્તારમાં રહેતાં દંપતિની સઘન પુછપરછમાં બહાર આવ્યું છે કે, આરોપી કમલેશ અગાઉ પણ સુરતથી ગાંજો લાવ્યો હતો અને કોઈને શંકા ન જાય તે માટે પોતાની પત્નીને સાથે રાખતો હતો. આ ગાંજો સુરતના અશ્વિનીનગર વિસ્તારના સ્મશાનગૃહ પાસેથી છોટુ નામના મોટા વેપારી પાસેથી માલ ખરીદ્યો હતો જે હિન્દી ભાષા બોલતો હતો. ગાંજાનો જથ્થો લાવીને તેની નાની-નાની પડીકીઓ બનાવી આ દંપતિ યુવાઓને વેચી વ્યસનના રવાડે ચઢાવી પૈસા કમાતી હતી. એટલું જ નહીં આ દંપતીના મોટાભાગના ગાંજાના ગ્રાહકો આસપાસના સાધુ-બાવાઓ જ હતા તેવું તેમની પ્રાથમિક પૂછપરછમાં ધ્યાને આવ્યું છે. સમગ્ર ઘટનાની તપાસ સંભાળી ગાંધીનગર એલસીબીએ આ મામલે પણ તપાસ શરૂ કરીને તેના ગ્રાહકોની યાદી તૈયાર કરી છે.

# જસદણમાં જામ્યો જંગ

અમદાવાદ, તા.૧૩

આગામી તા.૨૦ ડિસેમ્બરના રોજ યોજાનારી જસદણ વિધાનસભાની પેટા ચૂંટણીને લઈ આજે તંત્ર દ્વારા ૨૨૬ ઈવીએમ મશીન અને વીવીપેટ મશીન આજે જસદણ પહોંચાડવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા ઈવીએમ અને વીવીપેટ મશીનની આજે સાવધાનીપૂર્વક ચકાસણી કરવામાં આવી હતી. ભાજપ-કોંગ્રેસ દ્વારા જસદણમાં પ્રચાર કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે કોંગી મહિલાઓએ આજે મોંઘવારી મુદ્દે જસદણના રસ્તાઓ પર ચુલો સળગાવી રોટલા બનાવી અનોખો વિરોધ અને આક્રોશ વ્યકત કર્યો હતો અને ભાજપ સરકાર હાય હાયના છાજીયા લીધા હતા. જેને લઈ સ્થાનિક રાજકારણ ગરમાયું હતું. બીજીબાજુ, આજે પાસ નેતા હાર્દિક પટેલ જસદણ પહોંચતાં પણ સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો હતો. હાર્દિકને લઈ ભાજપના કુંવરજી બાવળિયાએ આક્ષેપ લગાવ્યો હતો કે, કોંગ્રેસે જ હાર્દિકને અહીં પ્રચાર માટે બોલાવ્યો છે. તો, કોંગ્રેસના અવસર નાકિયાએ હાર્દિકને તેઓએ પ્રચાર માટે નહી બોલાવ્યો હોવાનો જવાબ આપતાં ભાજપ પર પ્રહારો કર્યા હતા કે, બાવળિયાએ જસદણની પ્રજા અને કોંગ્રેસ પક્ષ સાથે ગંભીર દ્રોહ અને વિશ્વાસઘાત કર્યો હોવાથી અહીંની પ્રજા બાવળિયાને માફ નહી કરે. બાવળિયા આ ચૂંટણી જીતવા સરકારી મશીનરી અને સત્તાનો દૂરપયોગ કરી રહ્યા હોવાનો આક્ષેપ પણ નાકીયાએ કર્યો હતો. દરમ્યાન જસદણમાં કોંગ્રેસના મહિલા કાર્યકરોએ આજે મોંધવારીના મારને લઈને અનોખો વિરોધ કર્યો હતો. જેમાં મહિલાઓએ મોટી સંખ્યામાં જસદણના રસ્તાઓ વચ્ચે ચુલો સળગાવી રોટલા કર્યા હતા અને મોંઘવારી માટે સરકાર જવાબદાર હોવાના આક્ષેપ સાથે છાજીયા લીધા હતા. આ દ્રશ્યો જોવા સ્થાનિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મહિલાઓએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારના રાજમાં રાંધણ ગેસ સહિતની તમામ જીવન જરૂરી વસ્તુઓના ભાવ કૂદકે-ભૂસકે વધી રહ્યા છે. જેને લઈને ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે. તેમજ સામાન્ય માણસ માટે બે ટંક જમવાનું પણ મુશ્કેલ બની ગયું છે, તેમ છતાં સરકાર આ અંગે કોઈ પગલાં ભરતી નથી. મોદી સરકારે ચૂલો સળગાવવો મુશ્કેલ કર્યો હોવાનું જણાવી ભાજપ સરકાર હાય હાયના નામે છાજીયા લઈ પોતાનો રોષ વ્યકત કર્યો હતો. જસદણ પેટાચૂંટણી આડે હવે વધારે સમય રહ્યો નથી. ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટી દ્વારા જોરદાર તૈયારી કરી લેવામાં આવી છે. ત્રણ રાજ્યોમાં હાર ખાધા બાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા વધારે તાકાત લગાવી દેવામાં આવી છે. જો કે, આ વખતે ભાજપની સ્થિતિ મુશ્કેલરુપ દેખાઈ રહી છે. કેટલાક સ્ટાર પ્રચારકોને પણ ઉતારવામાં આવી શકે છે.

- ભાજપ-કોંગ્રેસ દ્વારા જસદણમાં પ્રચાર પૂરજોશમાં
- કોંગી મહિલાઓ દ્વારા મોંઘવારી મુદ્દે અનોખી રીતે વિરોધ કરાયો
- ૨૨૬ ઈવીએમને પહોંચાડી દેવાયા

# ગુજરાત સરકાર અને સહકારી ક્ષેત્રનો શાકભાજી વેચાણ અને વિતરણનો અનોખો પ્રયાસ મધુર ડેરી અને બાગાયત વિભાગ વચ્ચે સમજુતિ કરાર

ગાંધીજનગર, તા. ૧૩

બાગાયત વિભાગ, ગુજરાત રાજ્ય અને ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી)ના સંયુક્ત ઉપક્રમે સરકારશ્રીની રાસ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાના શાકભાજી ઉગાડતા ખેડૂતો માટે પોષણક્ષમ ભાવ મળી રહે અને ગ્રાહકોને ગુણવત્તાસભર તાજા શાકભાજી મળી રહે તે હેતુસર ખાસ પ્રોજેકટના અમલીકરણ માટે આજે બાગાયત વિભાગ ગુજરાત રાજ્ય અને મધુર ડેરી, ગાંધીનગર વચ્ચે મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાની ઉપસ્થિતિમાં સમજુતિ કરાર કરવામા આવ્યો હતો.

આ પ્રોજેક્ટ અંતર્ગત મધુર ડેરી દ્વારા મધુર ડેરીના સભાસદો અને શાકભાજી ઉગાડતા અન્ય ખેડૂતો પાસેથી શાકભાજી ખરીદીને સાફ સફાઈ, પ્રોસેસિંગ અને પેકેજિંગ કરીને બજારમા વેચાણ અર્થે મુકવામા આવશે. દૂધની માફક હવે શાકભાજી પણ સહકારી ધોરણે વેપારમા લાવવાનો આ પ્રથમ પ્રયોગ છે.

આ પ્રોજેક્ટથી નોકરિયાત મહિલાઓ, વ્યસ્ત રહેતી ગ્રુહિણિઓ માટે મધુર બ્રાંડની શાકભાજી ઓર્ડર મુજબ ઘર આંગણે મળી રહે તે માટે ખાસ વેચાણ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

સદર કરાર પ્રોજેક્ટની વિસ્તૃત માહિતિ આપતા મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યુ હતુ કે ખેડૂતો શાકભાજીનું સીધું વેચાણ કરી શકે તે માટે સરકારશ્રીએ માર્કેટ વ્યવસ્થામાં પણ સુધારો કર્યો છે ત્યારે, દૂધ સંપાદન અને વેચાણના માધ્યમની જેમ જ સહકારી ધોરણે જે તે ગામમાંથી શાકભાજી ખરીદીને પ્રોસેસીંગ પ્લાન્ટ ઉપર લાવી ગ્રેડીંગ, શોર્ટીંગ પેકિંગ કરી મધુર ડેરીના વેચાણ કેન્દ્ર ઉપરથી તેનું વિતરણ કરવાનો આ એક પ્રથમ પ્રયાસ બની રહેશે. ખાનગી કંપનીઓ દ્વારા આવો બિઝનેશ શરૂ કરવો સામાન્ય હોઈ શકે પણ ગુજરાતની સહકારી ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ માટે આ એક પ્રથમ પ્રયાસ છે. ગુજરાત કૃષિ વિભાગના બાગાયત નિયામક અને મધુર ડેરીના મેનેજીંગ ડીરેક્ટરના વડપણ હેઠળ આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.



ખેડૂતોને સારા ભાવ મળે અને ગ્રાહકોને પણ ઓછા ભાવે ગુણવત્તાયુક્ત શાકભાજી મળે માટેના આ પ્રોજેકટના અમલ માટે ડૉ. પી.એમ. વઘાસિયા, બાગાયત નિયામકશ્રીએ આશા વ્યકત કરી હતી તેમજ આ પાઈલોટ પ્રોકજેક્ટની સફળતા બાદ રાજયમા આ પ્રકારના પ્રોજેક્ટનુ મોટા સ્તરે વિસ્તરણ થશે તેમ જણાવ્યુ હતુ.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક ૧૫મીએ રેલ્વે સ્ટેશનનો શિલાન્યાસ કરાશે

## મુલાકાતીઓ અને પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખી કેવડિયા ખાતે અદ્યતન રેલ્વે સ્ટેશન ઉભુ કરવાનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુલાકાતીઓ અને પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખી હવે નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે અદ્યતન રેલ્વે સ્ટેશન ઉભુ કરવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યૂનિટીથી સાડા ત્રણ કિલોમીટર દૂર નાના શહેર કેવડિયાને રેલવે સ્ટેશનની સુવિધા પૂરી પાડવાની કવાયત હવે કેન્દ્ર સરકાર અને રેલ્વે તંત્ર દ્વારા હાથ ધરાઈ છે. સરકારી સૂત્રો મુજબ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧૫મી ડિસેમ્બરે કેવડિયા ખાતે રેલવે સ્ટેશનનો પાયો નાંખશે. સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ ઓફ યૂનિટીનું નિર્માણ ગુજરાતના નર્મદા જિલ્લામાં કરવામાં આવ્યું છે અને અહીની મુલાકાત લેવા માટે પહેલા કેવડિયા પહોંચવું પડે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની લોકપ્રિયતા અને તેની મુલાકાત લેનારા દેશ-વિદેશના પ્રવાસીઓ-મુલાકાતીઓની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં લઈ કેન્દ્ર સરકાર અને રાજય સરકાર એક પછી એક સુવિધા અને આકર્ષણોની જાહેરાત કરતી જાય છે. થોડા દિવસ પહેલાં જ ગુજરાતમાં ત્રણ વધારાના એરપોર્ટ બનાવવાની જાહેરાત કરી દેવાઈ છે ત્યારે હવે કેવડિયા ખાતે પ્રવાસીઓની સુવિધા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પહોંચવામાં સરળતા રહે તે આશયથી સ્થાનિક કક્ષાએ એક અદ્યતન રેલ્વે સ્ટેશન ઉભુ કરવાની જાહેરાત કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, સ્ટેચ્યુ ઓફ યૂનિટીના ઉદઘાટન પછી પહેલા ૧૧ દિવસ દરમિયાન ભવ્ય સ્મારકને નિહાળવા માટે લગભગ ૧.૩ લાખ લોકો ઉમટ્યા હતા. ગુજરાત સરકાર આ સ્થળને પર્યટક સ્થળ તરીકે વિકસાવી રહી છે અને આ સંદર્ભમાં કેવડિયાને રેલવે સ્ટેશનની ફાળવણી એ સારા સમાચાર છે. યોજના તૈયાર કરનાર સૂત્રો મુજબ, કેવડિયાને અત્યંત આધુનિક રેલવે સ્ટેશન ભેટ આપવામાં આવશે. જેથી સ્ટેચ્યુ ઓફ યૂનિટીની મુલાકાતે આવતા પર્યટકોને દરેક પ્રકારની સુવિધા મળી રહે. ગુજરાત સરકારની આ યોજના હેઠળ સ્થાનિક લોકોને રોજગારની વધારે તકો મળવાની સંભાવનાઓ પણ વધશે.



હાલના અંદાજ મુજબ કેવડિયામાં આશરે ૬,૭૮૮ લોકો વસવાટ કરી રહ્યા છે. નવા રેલ્વે સ્ટેશનના ભૂમિપૂજન કાર્યક્રમમાં રેલવે મંત્રી પીયૂષ ગોયલ, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ રહે તેવી શકયતા છે.

# વાયબ્રન્ટ સમિટના પગલે સ્પેસ ટેકનોલોજી પ્રદર્શન સાયન્સ સીટી ખાતે યોજાશે




ગાંધીનગર, તા.૧૩

ભાવિ ટેકનોલોજી લોકોના જીવનને કેટલી હદે વધુ અપડેટ અને સુવિધાપૂર્ણ બનાવી શકે તે નિહાળવું હોય તો વાયબ્રન્ટ ગુજરાત સમિટ – ૨૦૧૯ અંતર્ગત સાયન્સ સિટી ખાતે યોજાનારું વિશાળ અને અદ્યત્તન એવું ફ્યુચરિસ્ટીક ટેકનોલોજી તેમજ સ્પેસ ટ્રાવેલ વિષયક પ્રદર્શનની મુલાકાત લેવી પડે. આ બહુહેતુલક્ષી પ્રદર્શન દેશભરમાં આગવું હશે જેની માહિતી આપતા સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવશ્રી ધનંજય દ્વિવેદીએ જણાવ્યું હતું કે, ભવિષ્યલક્ષી ટેકનોલોજીનું આ નિદર્શન જીવનને વધુ સુવિધાપૂર્ણ બનાવવામાં ટેકનોલોજીની ભૂમિકાથી માહિતગાર કરશે.

અગ્રસચિવશ્રીએ જણાવ્યું હતું કે, આગામી મહિનામાં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ – ૨૦૧૯ અંતર્ગત અમદાવાદ સાયન્સ સિટી ખાતે ભવિષ્યલક્ષી (ફ્યુચરિસ્ટીક) ટેકનોલોજી તેમજ સ્પેસ ટ્રાવેલ પર યોજાયેલા પ્રદર્શનમાં વિશ્વની ખ્યાતનામ કંપનીઓ માઈક્રોસોફ્ટ, આઈબીએમ, ફિલીપ્સ જેવી જાણીતી ટેક કંપનીઓ પ્રદર્શનમાં ભાગ લેશે અને તેમના દ્વારા વિકસિત કરેલા સંશોધન પ્રોજેક્ટ્સને રજુ કરશે. ઓરોગ્ય ક્ષેત્ર, કૃષિ ક્ષેત્ર, શહેરી ગિતિશીલતાના ઉપકરણો તેમજ લાઈફસ્ટાઈલ સંબંધિત ટેક ઉપકરણોમાં એપ્લિકેશન્સ ધરાવતી ભવિષ્યલક્ષી ટેકનોલોજી વિશે મુલાકાતીઓ માહિતી પ્રાપ્ત કરી શકશે.

તેમણે ઉમેર્યુ હતું કે, અમદાવાદ સ્થિત સાયન્સ સિટી ખાતે સાયન્સ અને ટેકનોલોજી વિષયક યોજાનારા પ્રદર્શનમાં વાણિજ્યિક હેતુ માટે ભવિષ્યમાં ઉપયોગમાં લેવાશે તેવી ટેકનોલોજીનું નિદર્શન કરવામાં આવશે. આ પ્રદર્શનમાં અદ્યત્તન ટેકનોલોજી વિશે માહિતગાર કરવામાં આવશે. ભવિષ્યલક્ષી ટેકનોલોજી પ્રદર્શનમાં વિવિધ સ્માર્ટ ગેઝેટ્સ, જેમ કે, ઘરના તમામ ગેઝેટ્સને કંટ્રોલ કરી શકે તેવા સાધનો, સેલ્ફ-ડ્રાઈવિંગ વાહનો, ફેસિયલ અને બાયો-મેટ્રીક ઓળખ પદ્ધતિ, રોબોટ્સ અને ડ્રોન્સને નિદર્શનમાં રાખવામાં આવશે. નવીન ટેકનોલોજી આપણને વાસ્તવિકતા સાથે પરિચય કરાવે છે કે, આપણે અદ્યત્તન ટેકનોલોજીની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. આ ટેકનોલોજી દુનિયાના લેન્ડસ્કેપને બદલવાની ક્ષમતા ધરાવે છે જેનો અહીં પરિચય મળશે. મુલાકાતીઓને આ પ્રદર્શનમાં નવીન અને ભવિષ્યલક્ષી ટેકનોલોજીને અનુભવવાની તક મળશે. જેમાં માઈક્રોસોફ્ટ હાલો લેન્સ, આઈબીએમ વાટ્સન, ગૂગલ લાઈફાઈ, એમેઝોન એલેક્સા, પાણીમાં સ્વયં ચાલે અને રીમોટની મદદથી જિંદગીને બચાવી શકાય તેવી લાઈફ સેવીંગ યુ-સેફ ટેકનોલોજી, સ્માર્ટ હોમ ઓટોમેશન, મિક્સ્ડ રિયાલિટી / ઑગમટેડ રિયાલિટી, ઈન્ડસ્ટ્રીયલ અને કસ્ટમર એપ્લિકેશનના ઉપયોગ માટે રોબોટિક, હોલોગ્રાફિક ટેક્નોલૉજી, કમ્પેનિયન રોબટ, ઈન્ડિજિનસ સ્પેસ સ્યૂટ અને સુપર કમ્પ્યુટર્સ વગેરેનો સમાવેશ થાય છે.

અગ્રસચિવશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા સ્પેસ ટ્રાવેલ વિષયક વૈશ્વિક પ્રવાહોને વણી લેતું વૈવિધ્યસભર પ્રદર્શન દેશની સ્પેસ ટેકનોલોજીની ક્ષમતાને ઉજાગર કરશે પ્રદર્શનમાં ૯૦૦૦ ચોરસ ફીટથી વધુ વિસ્તારમાં આવરી લેવામાં આવશે. "શેપિંગ એ ન્યૂ ઈન્ડિયા" થીમ પર પ્રદર્શન યોજવામાં આવશે. સાયન્સ સિટી ખાતે આયોજિત પ્રદર્શનનો ઉદ્દેશ દેશના યુવાનોના મનમાં સ્પેસ સાયન્સ અને ફ્યુચરિસ્ટિક ટેકનોલોજી ક્ષેત્રે જિજ્ઞાશા જગાવીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રેરિત 'ન્યૂ ઈન્ડિયા' અને મેક ઈન ઈન્ડિયાના સંકલ્પને સાકાર કરવા અનેરું બળ પુરું પાડશે.

ભવિષ્યલક્ષી ટેકનોલોજી પ્રદર્શનમાં કૃષિ ક્ષેત્રે કરવામાં આવેલ એડવાન્સ ટેકનોલોજીનું પણ પ્રદર્શન કરવામાં આવશે તેની માહિતી આપતાં શ્રી દ્વિવેદીએ ક્હયું હતું કે, કન્સેપ્ટ ઓફ કન્ટેનર ફાર્મિંગ, અલ્ટીફાર્મ મોડ્યુલર ઈનડોર ફાર્મ, ૧૦૦ ટકા બાયોડિગ્રેડેબલ સબસ્ટિટ્યુડ ટુ પ્લાસ્ટિક, એડવાન્સ્ડ ડ્રાઈવિંગ અસિસ્ટ્ન્ટ સોલ્યુશન્સ, સ્માર્ટ ફેકટરી કોન્સેપ્ટ બાય પેનાસોનિક, હાયપરલૂપ મોબાલિટી, સ્માર્ટ એગ્રીકલ્ચર, ઑટોમેશન ટેકનોલોજી, ફિલિપ્સ લી-ફાય, એઆઈ-હેલ્થકેર સોલ્યુશન, ડ્રોનનો (સર્વેલન્સ એન્ડ સિક્યુરીટી) અને અન્ય ટેકનોલોજી સાયન્સ સિટી ખાતે જોવા મળશે. ભવિષ્યલક્ષી ટેકનોલોજીનું નિદર્શન વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય જનતાને રોજિંદા જીવનને વધુ સુવિધાપૂર્ણ બનાવવામાં ઉચ્ચ ટેકનોલોજીની ભૂમિકા વિશે સમજ પ્રાપ્ત કરવામાં મદદરૂપ બનશે.

અવકાશ સંશોધનનો ઈતિહાસ અને વિજ્ઞાન આ પ્રદર્શનમાં જોવા મળશે જેમાં ૨૦ થી વધુ વૈજ્ઞાનિકના સંશોધનોનો સમાવેશ થાય છે, જેમાં રશિયન સ્પેસ ગ્લોવ, લાઈફ-સાઈઝ મોડલ, ડાયોરામા અને વિડિયોનો સમાવેશ થાય છે. ૧૭ મી જાન્યુઆરીએ સ્પેસ એક્સ્પ્લોરેશન પર પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવામાં આવશે જે ૧૧ મે સુધી પ્રદર્શન ચાલુ રહેશે. સાયન્સ સિટીમાં આયોજિત આ પ્રદર્શનની મુલાકાતથી લોકો સાયન્સ એન્ડ ટેકનોલોજીના ભાવિ વિકાસને નિહાળી શકશે.

- આગામી વાયબ્રન્ટ સમિટમાં સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રને વધુ પ્રાધાન્ય અપાશે
- સ્પેસ ટેક્નોલોજી પ્રદર્શન તારીખ ૧૭ મી જાન્યુઆરી થી ૧૧ મે ૨૦૧૯ સુધી ચાલુ રહેશે
- માઈક્રોસોફ્ટ, આઈબીએમ જેવી ખ્યાતનામ કંપનીઓ અદ્યત્તન ભવિષ્યલક્ષી ટેકનોલોજીના પ્રદર્શનમાં ભાગ લેશે

# રાજ્યભરના ૫૭૭૫૩ ખેડૂતો પાસેથી સરકારે ટેકાના ભાવે મગફળીની ખરીદી

રાજ્ય સરકારે ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો ખેડૂત કલ્યાણલક્ષી નિર્ણય લીધો છે અને તારીખ ૧૫ નવેમ્બર થી ૧૩ ડિસેમ્બર સુધીમાં રાજ્યભરમાં ૫૭૭૫૩ ખેડૂતો પાસેથી રૂ. ૫૭૫.૯૭ કરોડની કિંમતની ૧૧,૫૧,૯૪૮ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના નાયબ જિલ્લા મેનેજરશ્રીના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા ખરીફ સીઝન ૨૦૧૮-૧૯ માટે લઘુતમ ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે તા.૧૫/૧૧/૨૦૧૮થી ખરીદી શરૂ કરાઈ છે. મગફળીના ખરીદ કેન્દ્ર તરીકે જાહેર કરાયેલા રાજ્યભરના કુલ ૧૨૨ એપીએમસી સેન્ટર ખાતે સંબંધિત જિલ્લા કલેકટરશ્રી દ્વારા તા. ૧લી નવેમ્બર-૨૦૧૮થી ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવા માટે ખેડૂતોની નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ નોંધણીના ક્રમાનુસાર સરકારના નિયમ મુજબ રોજની ૨,૫૦૦ કિ.ગ્રા.ની મર્યાદામાં મગફળી લાવવા ખેડૂતોને એસએમએસથી જાણ કરવામાં આવી હતી. જેના કારણે જે તે વિસ્તારના ખેડૂતો જે તે વિસ્તારના એપીએમસી સેન્ટર ખાતે મગફળી વેચાણ માટે પહોંચ્યા હતા. આ પ્રક્રિયા અંતર્ગત તારીખ ૧૫/૧૧/૨૦૧૮ થી તા.૧૩/૧૨/૨૦૧૮ સુધીમાં રાજ્ય સરકારે નક્કી કરેલા લઘુતમ ટેકાના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૫,૦૦૦ મુજબ રાજ્યભરના ૫૭૭૫૩ ખેડૂતો પાસેથી કુલ રૂ. ૫૭૫.૯૭ કરોડની કુલ ૧૧,૫૧,૯૪૮ ક્વિન્ટલ મગફળી ખરીદવામાં આવી છે. યાદીમાં જણાવ્યા મુજબ ખરીદ કેન્દ્રો ખાતે પૂરતી સંખ્યામાં બારદાન, વજનકાંટા તથા ખરીદી પ્રક્રિયા માટે પૂરતો સ્ટાફ ઉપલબ્ધ છે અને તા.૧૪/૧૨/૨૦૧૮થી ક્રમાનુસાર વધુમાં વધુ સંખ્યામાં ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરવામાં આવશે.


## કાયદા વિભાગની ગાડીની હરાજી

કાયદા વિભાગ, બ્લોક નં. ૪/૧, સરદાર ભવન, ગાંધીનગર હસ્તકની નીચે જણાવેલ ગાડી તા. ૧૮/૧૨/૨૦૧૮ના રોજ બપોરે ૪-૦૦ કલાકે હરાજીથી વેચવાની છે.

| ક્રમ | મોડેલ | ગાડી નંબર | મોડેલ વર્ષ | નક્કી થયેલ અપસેટ કિંમત |
|---|---|---|---|---|
| ૧ | એમ્બેસેડર | નં.જીજે-૧૮-જી-૨૨૮૨ | ૨૦૦૮ | રૂ. ૩૨,૦૦૦/- |

- આ ગાડીની હરાજીમાં ભાગ લેવા માટે રૂ. ૫૦૦૦/- ડીપોઝીટ કાયદા વિભાગની રોકડ શાખામાં રોકડેથી તા. ૧૮/૧૨/૨૦૧૮ના બપોરના ૧૩-૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે.
- ગાડી સરદાર ભવન પાર્કીંગમાં છે. જે ચાલુ કામકાજના દિવસે જોઈ શકાશે.
- હરાજી અંગેની અન્ય શરતો કાયદા વિભાગની વેબસાઈટ http:/legal.gujarat.gov.in પર જોઈ શકાશે.
- વધુ માહિતી કાયદા વિભાગની મહેકમ શાખા (ફ-શાખા)નો સંપર્ક કરવો.

સહી/-
(જી.એમ. કટારા)
સેકશન અધિકારી
કાયદા વિભાગ

માહિતી/૨૩૧૮/૧૮-૧૯